હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



તમારે નાહક ચિંતા કરવાની જરૂર નથી... ગોળીઓ લખી આપી છે, તે ચાલુ રાખો... ભાઈ પછી બહેને વિકાસ ચાલુ રાખ્યો તેમજ આ ભાઈ આવ્યા અને વિકાસ કરશે જ... શું સમજ્યા !!!

પિલવાઈ કોલેજ એનસીસી યુનિટના કેડેટ્સ ઝળક્યા

૭ કેડેટ્સની ચિલોડા ખાતે યોજાયેલ આર્મિ એટેચમેન્ટ કેમ્પ માટે પસંદગી

ગાંધીનગર, તા. ૭

વિજાપુર તાલુકાની જાણીતી અને પ્રતિષ્ઠિત આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પિલવાઈના એનસીસી યુનિટના ૭ કેડેટ્સની તા. ૧૪ થી ૨૮ જુલાઈ, ૨૦૧૬ દરમ્યાન ચિલોડા ખાતે યોજાયેલ આર્મિ એટેચમેન્ટ કેમ્પ માટે પસંદગી થયેલ. આ કેમ્પમાં SUO વિજય પટેલે ઉત્કૃષ્ટ કામગીરી કરતાં તેઓની કેમ્પ સિનિયર તરીકેની પસંદગી થઈ હતી. જે બદલ SUO વિજય પટેલને કમાન્ડીંગ ઓફિસર દ્વારા સિલ્વર મેડલથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

તારીખ ૧૮ થી ૨૭ જુલાઈ, ૨૦૧૬ દરમ્યાન યોજાયેલ CATC-V કેમ્પમાં કેડેટ્ અમરદીપ વિહોલ કેમ્પ સિનિયર તરીકે પસંદગી પામી ઉમદા કામગીરી કરેલ જે બદલ કમાન્ડીંગ ઓફિસર દ્વારા બ્રોંઝ મેડલથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

તારીખ ૩ થી ૧૩ ઓગષ્ટ, ૨૦૧૬ દરમ્યાન વલ્લભ વિદ્યાનગર ખાતે ચાલી રહેલ થલસેના કેમ્પમાં કેડેટ્ ધનરાજ મકવાણા અને કેડેટ્ મનહરબા રાઠોડની પસંદગી થઈ છે. જે બદલ સંસ્થાના આચાર્ય ડૉ. સંજય શાહ, એનસીસી યુનિટના ANO લેફ્ટન્ટ ડૉ. એચ.એમ. અંટ તથા સમગ્ર કોલેજ પરિવારે ગૌરવની લાગણી સહ કેડેટ્સને અભિનંદન પાઠવ્યા હતા.

ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં આજે રાજકીય કાર્યકરોનો મિલન સમારોહ યોજાયો હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.
- ગાંધીનગર જિલ્લામાં આજે છૂટો-છવાયો હળવો વરસાદ નોંધાયો છે.
- જિલ્લાનું સમગ્ર તંત્ર આજે શપથવિધિ સમારોહની વ્યવસ્થાને લઈ ખડે પગે રહ્યુ હતુ.
- આજના શપથવિધિ સમારોહમાં ૧૫ હજારથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિર જતા તમામ રસ્તાઓ પર કેસરી ધ્વજ તેમજ સંતો-મહંતોના માટે ઘ-૪ પાસે ખાસ સ્વાગત કક્ષ પણ ઉભો કરવામાં આવ્યો હતો.
- ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ડૉ. કેશિક શાહનો એક વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતાં કાર્યકરો અને શુભેચ્છકોએ તેમના પર અભિનંદનની વર્ષા કરી દીધી હતી.

ઘડકણમાં સાંધાના દુ:ખાવાનો કુદરતી ઉપચાર કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૭

નીમા ફાઉન્ડેશન ગાંધીનગરના ઉપક્રમે તાજેતરમાં જિલ્લાના ઘડકણ ગામે હોલીસ્ટીક હીલર નટુભાઈ પટેલ (યુએસએ)નો કુદરતી સારવાર પદ્ધતિ દ્વારા વિવિધ સાંધાના દુ:ખાવાનો વિનામુલ્યે કેમ્પ યોજાયો હતો. ૧૪૦ ઉપરાંત દર્દીઓને ઢીંચણ, કમર, ગરદન, ખભા અને એડીના દુ:ખાવાની સારવાર કરવામાં આવી હતી. હીલીંગ પ્રક્રિયામાં સ્વામી સદાનંદ ભારતીજીનો સહયોગ મળ્યો હતો. તથા ગોવિંદભાઈ પ્રજાપતિ તથા કનુભાઈ પ્રજાપતિ મદદમાં રહ્યા હતા. ચિલોડાના અગ્રણી ખેડૂત આગેવાન કાંતિભાઈ પટેલ (એડવોકેટ) દ્વારા ૮૦ ઉપરાંત મેગ્નેટીક બેલ્ટ તેમજ સૂજોક રીંગ તથા એક્યુપ્રેશર પોઈન્ટરનું વિનામુલ્યે વિતરણ કરાયું હતું. સાંકાભાઈ પટેલ તથા કે.પી. પટેલ કેમ્પનું સંકલન કર્યુ હતુ. અન્ય ગામ તથા વિસ્તારમાં કેમ્પ યોજવા માટે કિરીટકુમાર અચાવત મો. નં. ૯૮૯૮ ૦૩૩૭૮૮ અને સાંકાભાઈ પટેલ મો. નં. ૯૪૨૮૭ ૩૦૭૭૬નો સંપર્ક કરવો એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

એસબીઆઈ બેંકની નારદીપુર શાખા વિદ્યાર્થીઓના એકાઉન્ટ ઓપન ન કરતી હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા. ૭

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને વિવિધ યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવે છે. પરંતુ નારદીપુર એસબીઆઈની શાખાએ વિદ્યાર્થીઓના જીરો બેલેન્સ ખાતા ખોલવાનો ઈન્કાર કરી દેતા વિદ્યાર્થીઆલમ અને શિક્ષકોમાં નારાજગી જોવા મળી રહી છે.

રાજ્યની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ વિદ્યાર્થીઓને સરકાર દ્વારા શિષ્યવૃત્તિ અપાય છે. જેના માટે શાળાના શિક્ષકોને બેંકમાં જઈને વિદ્યાર્થીઓના એકાઉન્ટ ખોલવાના હોય છે. પરંતુ શાળાના શિક્ષકોને ખાતા ખોલવામાં નાકે દમ આવી રહ્યો છે, જેના માટે જવાબદાર નારદીપુર એસબીઆઈ બેંક મેનેજરના મનસ્વી નિર્ણય છે. શિક્ષક નરેન્દ્ર પટેલે કહ્યું કે કલોલ તાલુકાના નારદીપુરમાં એસબીઆઈની શાખા આવેલી છે. વિદ્યાર્થીઓને આ બેંક નજીક પડે છે. ત્યારે ઝીરો બેલેન્સથી વિદ્યાર્થીઓના ખાતા ખોલવાની ના પાડી દેવામાં આવી છે.

જ્યારે નારદીપુર પગાર કેન્દ્રમાં કુલ ૯ સરકારી અને ૩ ગ્રાન્ટેડ શાળાઓ આવેલી છે. તમામ શાળાઓમાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. વારંવાર રજૂઆત કરવા છતાં બેંકના મેનેજર પોતાનો જ નિર્ણય ચલાવી રહ્યા છે. સરકારનો આદેશ હોવા છતાં ખાતા ખોલવાની ના પાડી રહ્યા છે. અન્ય બેંકમાં પણ વિદ્યાર્થીઓના ખાતા ઝીરો બેલેન્સથી ખોલવામાં આવે છે. બેંક મેનેજરે લેખિત જવાબ આપતાં કહ્યું કે હાલમાં જિલ્લાની વિવિધ શાખાઓમાં શિષ્યવૃત્તિના ખાતાઓ ખુલી રહ્યા છે. પરંતુ અમારી બેંકના નિયમ પ્રમાણે રૂ. ૫૦૦થી જ ખાતુ ખુલશે તેમ બતાવી રહ્યા છે.

જ્યારે તમામ શાળાની આવતી શિષ્યવૃત્તિના નાણાં પણ બેંક ઉપાડવાની ના પાડે છે. પરિણામે નાણાંના અભાવે બાળકોના ગણવેશ સહિતના અન્ય લાભો એક સાથે આપી શકતા નથી અને શિક્ષકો સાથએ ઉદ્ધતાઈભર્યુ વર્તન કરે છે. આ બાબતે જિલ્લા વિકાસ અધિકારીથી લઈને ઉચ્ચકક્ષા સુધી રજૂઆત કરવામાં આવી છે.

ભુવનેશ્વર મહાદેવ તીર્થ ખાતે આજે મહાઆરતી

ગાંધીનગર, તા. ૭

શ્રી ભુવનેશ્વર મહાદેવ તીર્થ, સેક્ટર-૬ ખાતે શ્રાવણ માસના પ્રથમ સોમવારે સાંજે ૭.૩૦ કલાકે શ્રી ભુવનેશ્વર મહાદેવને સૌભાગ્ય દ્રવ્યના અવિરત અભિષેક સાથે મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને મહાઆરતી તથા મહાઆરતીનો લાભ લેવા તીર્થ તરફથી નિમંત્રણ પાઠવાયું છે.

વિજય માટે કપરાં ચઢાણ, ૧૬મા સીએમ માટે ૧૬ મુદ્દા-નુકશાન કરાવે, ફાયદો પણ કરાવે

ગુજરાતમાં નવા ચીફ મિનિસ્ટર આવી ગયા છે. વિજય રૂપાણી અને નિતીન પટેલ બન્નેના માથે સૌથી મોટી જવાબદારી ૨૦૧૭માં આવતી વિધાનસભાની ચૂંટણી છે. પડકાર મોટો છે. એન્ટી ઈન્કમબન્સી જોરમાં છે. વિવિધ સમાજ ભાજપથી વિખૂટા થયેલા છે. ૧૫ મહિનાનો સમય છે. પ્રજાલક્ષી બજેટ રજૂ કરવાની તક છે. દર મહિને એક પ્રજાલક્ષી જાહેરાત કરે તો ૧૫ જાહેરાત ગુજરાતના સાડા ત્રણ કરોડ મતદારો ભાજપની તિજોરી મતોથી ફરીવાર છલકાવી શકે છે.

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને બહુમત મળશે તેવું કહેવા માટે શબ્દો છે પરંતુ પાર્ટી પાસે માસ્ટર-કી નથી. એ તો દિલ્હીના સર્વોચ્ચ આસને બેઠેલી છે. ગુજરાતમાં ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨માં જેટલી બેઠકોથી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ભાજપને સત્તા આપી છે તે ભૂતકાળ ન બની જાય તે જોવાની જવાબદારી વિજય રૂપાણી અને નિતીન પટેલના શિરે છે. પાર્ટી સંગઠન દિન-રાત મહેનત કરે પરંતુ સરકારમાં પાણી નહીં હોય તો કાર્યકર્તાઓની મહેનત પર પાણી ફરી વળશે તે પણ એક નગ્ન સત્ય છે.

મુલાકાતીઓ માટે સચિવાલય અને બંગલાના દરવાજા ખોલી નાંખો...

ગુજરાત કોંગ્રેસ પાસે માધવસિહ સોલંકી જેવા માસ લિડર નથી. શંકરસિંહ વાઘેલા માસ લિડર છે પરંતુ તેમની પાસે સત્તા નથી. શક્તિસિંહ બૌદ્ધિક દલીલો કરી શકે છે પણ સાડા ત્રણ કરોડ મતદારોને ખુશ કરી શકે તેવી ચાવી ધરાવતા નથી. કોંગ્રેસ પાસે જમા પાસુ એક છે અને તે તેણે જાળવી રાખેલી ૫૦ થી ૫૫ બેઠકો છે. મોદીના કરિશ્મા છતાં કોંગ્રેસ સબળ વિરોધપક્ષ બની શકી છે. જો કે ૨૦૧૪ના લોકસભાના પરિણામ કોંગ્રેસ માટે અત્યંત આઘાતજનક રહ્યાં હતા. ૨૬માંથી ૨૬ બેઠકો જીતીને મોદીએ એક રેકોર્ડ કરી દીધો છે. જો કે મોદી માધવસિંહનો ૧૪૯ બેઠકોનો રેકોર્ડ તોડી શક્યા ન હતા. રાજકીય પંડિતો કહે છે કે માધવસિંહનો આ કરિશ્મા તેમનો વ્યક્તિગત નથી, સહાનુભૂતિનું મોજું હતું અને ભાજપ ગુજરાતમાં નામશેષ હતું. ભાજપને મોટી પાર્ટી બનાવવામાં હિન્દુત્વની વિચારધારાએ સૌથી મોટો ભાગ ભજવ્યો હતો.

ગુજરાતના રાજકારણમાં કોંગ્રેસ છેલ્લે ૧૯૮૫માં સંપૂર્ણ બહુમત સાથે સત્તામાં આવી હતી, પરંતુ ખામ ખિયરીના કારણે ઘસાતી ગઈ અને ૧૯૯૦માં સત્તા ગુમાવી દીધી. ૧૯૯૧-૯૨માં લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોષીએ કટ્ટર હિન્દુત્વવાદ ચલાવીને ગુજરાતની જનતાને પોતાની મુઠ્ઠીમાં કરી દીધી અને ૧૯૯૫માં પ્રચંડ બહુમતિ સાથે ભાજપની પહેલી સંપૂર્ણ સરકાર બની ગઈ, બસ- ત્યારપછી તો શંકરસિંહના બળવાના બે વર્ષને બાદ કરતાં ભાજપની સરકાર બની છે. રામને તો ૧૪ વર્ષનો વનવાસ હતો પરંતુ કોંગ્રેસનો વનવાસ ૨૫ વર્ષ સુધી ચાલ્યો છે. સમયગાળો બહુ મોટો છે.

ગુજરાતના ૧૫ ચીફ મિનિસ્ટર પૈકી ભાજપના ચાર- કેશુભાઈ પટેલ, સુરેશ મહેતા, નરેન્દ્ર મોદી અને આનંદીબહેન પટેલ રહ્યાં છે. હવે ૧૬મા ચીફ મિનિસ્ટર વિજય રૂપાણી મેદાનમાં આવ્યા છે. તેમના માટેના ૧૬ પડકારો એવા છે કે જો ગંભીરતાથી લેશે તો વૈતરણી પાર કરવામાં કષ્ટ નહીં પડે પરંતુ જો પાર્ટીની આંતરિક ખટપટમાં ફસાયેલા રહેશે તો ભાજપ માટે કપરાં ચઢાણ નિશ્ચિત છે.

નવી સરકારે કરવાના થતાં કાર્યો....

● ભ્રષ્ટાચારની નાબૂદી-

સરકારની બદનામી આ કારણથી થાય છે. આનંદીબહેનની સરકારમાં જિલ્લા કક્ષાની સચિવાલય સુધી ભ્રષ્ટાચાર થતો હોવાના આક્ષેપો થતાં રહ્યાં છે તેથી વિજય રૂપાણીની ટીમ માટે આ સૌથી મોટો પડકાર છે. સરકારમાં પારદર્શકતા સાથે સ્વચ્છ અને પ્રામાણિક વહીવટી કેવી રીતે કરવો તે ૨૫ની ટીમ માટે અઘરો સબ્જેક્ટ તો છે.

● લોકોપયોગી જાહેરાત-

ચૂંટણી આડે સવા વર્ષનો સમય કહી શકાય તેમ છે. આ સમયમાં વિજય રૂપાણીની સરકારે લોકોપયોગી જાહેરાતો કરવી પડશે. ૧૯૯૫માં કેશુભાઈ પટેલની સરકારે છ મહિનામાં જેવી જાહેરાત કરી હતી તેવી જાહેરાતો સિવાય આરો નથી.

● પાટીદાર અનામત આંદોલન-

પાટીદાર મંત્રીઓ આઠ છે પરંતુ સમાજને સાથે લઈને ચાલે તેવું ફરમાન હાઈકમાન્ડથી થવાનું છે તેથી પાટીદાર આંદોલનને કેવી રીતે પૂર્ણ કરવું તે વિજય રૂપાણી અને નિતીન પટેલ એમ બન્નેની સંયુક્ત જવાબદારી રહેશે. હાર્દિક પટેલને કાબૂમાં કેવી રીતે રાખવો તે સંપૂર્ણ સરકાર અને સંગઠનની વિટંબણા છે.

● દલિત અત્યાચાર-

દલિત અત્યાચારનો મુદ્દો દેશવ્યાપી બન્યો છે. ગુજરાતમાં દલિત મતબેન્ક ભાજપે ખોઈ નાંખી છે. શાસનના એક વર્ષમાં દલિતોના મતોને આકર્ષવા માટે કેવા ખેલ કરવા પડશે તે જોવાનું રહે છે. ઉનાનો કેસ દલિતોને ભાજપથી વિમુખ કરતો ગયો છે. રમણ વોરા કે આત્મારામ પરમારના એલિવેશનથી આ ભૂલાય તેવો નથી.

● વહીવટી તંત્રની સતર્કતા-

સરકારના વહીવટમાં સંવેદના હોવી જરૂરી છે. સંવેદનશીલ વહીવટ જ ઉત્તમ શાસકનો ધર્મ છે. સચિવાલયમાં જમીનના સોદાની વાતોને વેગળી મૂકીને સૌનો સાથ સૌનો વિકાસ સૂત્રને સાર્થક બનાવીને ડેવલપમેન્ટની વાતો થાય તેવો માહોલ ઉભો કરવો જોઈએ, ખાસ તો જેલ બનેલા સચિવાલય અને મંત્રીમંડળ નિવાસસ્થાનને લોકો માટે ખુલ્લા મૂકી દેવા જોઈએ.

પાટીદારો અને દલિતોથી બચવું મુશ્કેલ છે, ૨૦૧૭નો ગોલ સિદ્ધ કરો...

● વોટબેન્ક વિરૂદ્ધ વિકાસ-

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હંમેશા કહેતા આવ્યા છે કે વોટબેન્કની રાજનિતી બંધ કરો, કોંગ્રેસને પણ એવી શિખામણ આપે છે પરંતુ તેમના જ વતન ગુજરાતની સરકાર વોટબેન્કની રાજનિતી હોય તેમ માત્ર જ્ઞાતિ અને પ્રદેશને કેબિનેટમાં પ્રાધાન્ય આપે છે. કામ કરી શકે તેવા પ્રામાણિક સભ્યો મિનિસ્ટર બની શકતા નથી, કેમ કે પુરૂષોત્તમ સોલંકી ભાજપની સરકાર માટે કમ્પલ્ઝન થઈ ગયા છે. કોળી વોટબેન્કની આ રાજનિતી છે, જેમાં વિકાસનો છેદ ઉડી જાય છે. જો વિકાસ જ કરવો હોય તો વોટબેન્કને ભૂલવી પડે.

● પ્રજાલક્ષી બજેટ-

૨૦૧૭-૧૮નું સામાન્ય અંદાજપત્ર પ્રજાલક્ષી બનાવવાનો મુખ્ય પડકાર છે. જીએસટીના સમયમાં પ્રજા ઉપર ઓછું ટેક્સભારણ કેવી રીતે લાવવું, સાતમા પગાર પંચના ખર્ચાને કેવી રીતે પહોંચી વળવા, સવા બે લાખ કરોડ રૂપિયાનું દેવું કેવી રીતે ચૂકવવું, વિવિધ સમાજની કઈ કઈ નવી યોજનાઓ શરૂ કરવી, કૃષિ, ઉદ્યોગ અને સર્વિસ સેક્ટર વચ્ચે બેલેન્સ કેમ કરવું તે વિજય રૂપાણી માટે યક્ષ પ્રશ્ન છે. સરકારની તિજોરી ભરીને લોકોને ખુશ રાખવા બહુ અઘરા છે. ચાણક્યએ કહ્યું છે કે- જેનો રાજા વેપારી એની પ્રજા ભિખારી – આપણે શાસનમાં લોકોને ખુશ અને સમૃદ્ધ કરવાના છે, વેપાર કરવાનું કામ ઉદ્યોગપતિઓને સોંપી દેવું પડશે.

● કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ-

ગુજરાતમાં પરપ્રાંતના લોકો આવીને વસ્યા છે તેથી ક્રાઈમ રેટમાં વધારો થયો છે. છડેચોક લૂંટની ઘટનાઓ બને છે. સાયબર ક્રાઈમમાં પણ ગુજરાત આગળ પડતું રાજ્ય છે. મહિલાઓ સામેના ગુનાઓમાં પણ વધારો થયો છે. આત્મહત્યાના કેસો વધી રહ્યાં છે. ગુજરાત એ પાકિસ્તાનને જોડતું રાજ્ય છે, તેથી સંવેદનશીલ છે. ખૂન અને ખૂનના પ્રયાસની ઘટનાઓ પ્રતિદિન બને છે. સામૂહિક ક્રાઈમના ગુના વધતા જાય છે ત્યારે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બહુ અભ્યાસ માગી લે તેવી છે.

વોટબેન્કની રાજનિતીના મોદી વિરોધી છે, વિકાસ કરશો તો રાજા ખૂશ...

● રાજકીય દૂરંદેશીપણાની ભાવના-

બાકી બચેલા દોઢ વર્ષ નહીં પણ બીજા પાંચ વર્ષ શાસન કરવાનું તે લક્ષ્ય જો નક્કી કરેલો હશે તો ગુજરાતનો વિકાસ અવશ્ય થશે, પરંતુ દોઢ વર્ષમાં જેટલો ફાયદો લેવો હોય તેટલો લઈ લો તેવી માનસિકતા હશે તો ૨૦૧૭માં કમળને હાથમાં લઈને ફરતા લોકોની સંખ્યા ઘટી જશે. રાજકીય દૂરંદેશીની ભાવના નરેન્દ્ર મોદીએ કેળવી હતી. એક ચૂંટણી પતે પછી આભાર - નિહારીકા રવિયા બીજી ચૂંટણીની તૈયારીઓ તેઓ તુરત જ શરૂ કરી દેતા હતા. મોદી નજીકનું નહીં, દૂરનું વધારે વિચારતા હતા એને એટલે જ તેઓ સફળ શાસક બન્યા છે.

● મોંઘવારી-

સૌથી વધુ સળગતો મુદ્દો મોંઘવારીનો છે. દાળ ચાવલ અને તેલના ભાવ નહીં ઘટે તો ગુજરાતની ગૃહિણીઓ ભાજપને મત નહીં આપે, ગુજરાત વાઈફાઈ નહીં થાય તો ચાલશે પરંતુ લોકોના ઘરના ચૂલા સળગવા જોઈએ તે સિદ્ધાંત લઈને સરકારે ચાલવું પડશે. મોંઘવારી ઘટાડવાના ઉપાયો રાજ્ય સરકારે જાતે કરવાના રહેશે, કારણ કે કેન્દ્ર સરકારે તો તેના હાથ અદ્ધર કરી દીધા છે.

● જનતા સરકારની અનુભૂતિ-

લોકોને થવું જોઈએ કે આપણી સરકાર છે. આ મુખ્યમંત્રી મારો છે. આ મંત્રીમંડળ મારૂં છે. અડધી રાત્રે પણ ગાંધીનગર જઈશું તો આપણું કામ થઈ જશે તેવું લોકોને લાગવું જોઈએ. કોર્પોરેટ ઓફિસોમાં કોર્પોરેટ કલ્ચરની ટ્રિટમેન્ટ મળવી જોઈએ. લોકો ભાવનાના ભૂખ્યાં છે. સચિવાલય કે સરકારી ઓફિસમાં કામ માટે ગયેલો નાગરિક વિલા મોઢે પાછો ફરવો જોઈએ નહીં. વિજય રૂપાણીએ સત્તાના દલાલોની સચિવાલયમાંથી સફાઈ કરી દેવી જોઈએ.

● પ્રોજેક્ટ માટે કમિશન બંધ કરો-

વાયબ્રન્ટ સમિટ કરીને ઉદ્યોગોને આમંત્રણ આપવામાં આવે છે પરંતુ જે તે ઉદ્યોગ પ્રતિનિધિ ગુજરાતમાં સચિવાલયમાં આવે છે ત્યારે તેમને હડધૂત કરવામાં આવે છે. વિવિધ મંજૂરીઓ માટેના નક્કી કરેલા દામ સમજાવવામાં આવે છે. ખાયકી અને કમિશન સિવાયની કોઈ વાતો ઉદ્યોગ, મહેસૂલ અને શહેરી વિકાસ વિભાગમાં થતી નથી. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર જેવી સિંગલ વિન્ડો સિસ્ટમ દાખલ કરવાની આવશ્યતા છે.

● ગુજરાતના ખેડૂતોના પ્રશ્નો-

ગુજરાતના ખેડૂતોના પ્રશ્નો વિશાળ છે. ખેડૂતો આત્મહત્યા ન કરે તે માટે તેમને સરકારી સહાય સીધી તેમના હાથમાં મળવી જોઈએ. ખેતરમાં પાણી અને વિજળીની તંગી હોવી ન જોઈએ. માગો ત્યારે વીજળી અને માગો ત્યારે પાણી હાજર હોવું જોઈએ. દુકાળના સમયમાં તો સરકારની જવાબદારી ઉદ્યોગો કરતાં ખેતી તરફી હોવી જોઈએ. ખોટ ખાઈને પણ ખેડૂતનો ખાડો પૂરવો જોઈએ.

● શિક્ષણ અને બેરોજગારી-

શિક્ષણના વ્યાપારીકરણનો ગુજરાતમાં ફેલાવો વધી રહ્યો છે. જૂનિયર કેજીમાં બાળકને મૂકીએ ત્યારે જ વર્ષના ૫૦ હજાર રૂપિયા પડાવી લેવામાં આવે છે. સૌને માટે શિક્ષણની સરકારની યોજનાઓ માત્ર કાગળ ઉપર હોય તેવું લાગે છે. ખાનગી એજ્યુકેશન સંસ્થાઓમાં સરકારનો કોઈ કાબૂ નથી. બીજી તરફ બેરોજગારીની સૌથી મોટી સમસ્યા છે. સરકારી ચોપડે નવ લાખ બેરોજગાર નોંધાયા છે પરંતુ હકીકતમાં તલાટીની ૧૫૦૦ જગ્યા માટે ૧૪ લાખ અરજીઓ ક્યાંથી આવે છે?! એનો મતબલ એ થયો કે બેકારીના આંકડા ભ્રામક છે.

● આરોગ્યની સમસ્યા-

સૌના માટે આરોગ્યનો માપદંડ સરકારે રાખવો પડશે અને નિભાવવો પડશે. સરકારી દવાખાનામાં પ્રાઈવેટ દવાખાના જેવી ટ્રિટમેન્ટ મળશે તો જ ગરીબ કે મધ્યમવર્ગને પરવડશે. ખાનગી હોસ્પિટલોમાં સરકારની સહાય આપવાની માત્રા વધારવાથી અને ફરજ પાડવાથી બધું શક્ય બને છે. સરકારી હોસ્પિટલો તેમજ આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ ભરવાથી પણ આરોગ્યની સ્થિતિ સુધરી શકે છે.

● સરકાર અને સંગઠન વચ્ચે સુમેળ-

સરકાર અને સંગઠન વચ્ચે સુમેળ નહીં હોય તો સરકારે કરેલા વિકાસના કાર્યો ફોગટ જવાના છે, કારણ કે ગુજરાતમાં મોદીનું શાસન નથી. જો તેમનું શાસન હોય તો સંગઠનની જરૂર નથી, કારણ કે મોદીને વહીવટી તંત્રને કેવી રીતે કામ કરવું રાખવું તેનો બહોળો અનુભવ છે. આ અનુભવ આનંદીબહેન પટેલ પણ મેળવી શક્યા નથી. બહેનની સરકારમાં તો વહીવટી તંત્ર અને પાર્ટીનું સંગઠન બન્ને નિષ્ક્રિય રહ્યાં હતા. જાહેરમાં બહેને એક દિવસ એવી ટકોર કરી હતી કે પાર્ટીનું સંગઠન સરકારની વિવિધ યોજનાઓ લોકો સમક્ષ મૂકતું નથી. વિજય રૂપાણી માટે આ સ્ટેજ ના આવે તો તેઓ જંગ જીતી જશે..